અજાણી ૪૦ થી ૪૫ વર્ષના આશરાની મહિલાના માથા અને ચહેરા પર ગંભીર ઈજાના નિશાન

ઠાસરામાં શેઢી કેનાલમાંથી કોથળામાં પૂરેલી અને પથ્થર બાંધેલી મહિલાની લાશ મળી

હત્યા બાદ પુરાવાનો નાશ કરવા આરસીસીનો પથ્થર બાંધી કેનાલમાં ફેંકી દીધી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

ઠાસરા તાલુકાના અમૃતપુરા ગામની સીમમાંથી પસાર થતી શેઢી શાખા મહી કેનાલમાંથી ગુરુવારે બપોરે એક 40 થી 45 વર્ષની અજાણી મહિલાની કોહવાયેલી હાલતમાં લાશ મળી આવતાં સમગ્ર પંથકમાં સનસનાટી મચી ગઈ છે. કોઈ અજાણ્યા હત્યારાએ મહિલાના માથા અને ચહેરાના ભાગે માર મારી ક્રૂરતાપૂર્વક હત્યા કર્યા બાદ, પુરાવાનો નાશ કરવાના ઈરાદે લાશને કોથળામાં ભરીને મોટા આરસીસીના પથ્થર સાથે બાંધી કેનાલમાં ફેંકી દીધી હતી. આ અંગે ઠાસરા પોલીસે સરપંચના પતિની ફરિયાદ પરથી અજાણ્યા ઈસમ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઠાસરાના અમૃતપુરા ગામના સરપંચ કોકીલાબેનના પતિ પ્રવિણભાઈ રમણભાઈ ચૌહાણને ગુરુવારે બપોરે સાડા ત્રણેક વાગ્યાના સુમારે કેનાલના પાણીમાં ઊંડા પુલના ગરનાળા નજીક એક લાશ તરતી હોવાની જાણ થઈ હતી. તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને 112 ઈમરજન્સી ટીમને જાણ કરવામાં આવી હતી. પોલીસ અને ગ્રામજનોની મદદથી લાશને પાણીમાંથી બહાર કાઢવામાં આવી ત્યારે તે કંતાનના કોથળા તથા મીણીયાની થેલીમાં દોરી વડે બાંધેલી હાલતમાં હતી. આ લાશ પાણીની સપાટી નીચે જ રહે તે માટે દોરીના છેડે એક મોટો આરસીસીનો પથ્થર બાંધવામાં આવ્યો હતો.

આ અંગે પોલીસે કોથળો દૂર કરીને તપાસતાં મૃતક આશરે 40 થી 45 વર્ષની ઉંમરની મહિલા હોવાનું બહાર આવ્યું હતું. મહિલાના શરીરે લીલા કલરનો ફૂલભાતની ડિઝાઈનવાળો બ્લાઉઝ, ચણીયો અને સાડી પહેરેલાં હતાં, પરંતુ કોઈ દાગીના કે બંગડી મળી આવ્યા ન હતા. લાશ અતિશય કોહવાયેલી હાલતમાં હતી અને મહિલાના માથાના ભાગે તથા ચહેરાની ડાબી બાજુ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડાઈ હોવાના સ્પષ્ટ નિશાન મળી આવ્યા હતા.

પ્રાથમિક તપાસમાં અજાણ્યા શખ્સે મહિલાની અન્યત્ર હત્યા કરી, પુરાવાનો નાશ કરવાના હેતુથી લાશને કેનાલમાં વહાવી દીધી હોવાનું જણાય છે. ઠાસરા પોલીસે પ્રવિણભાઈ ચૌહાણની ફરિયાદના આધારે ગુનો નોંધી મૃતક મહિલાની ઓળખ છતી કરવા અને હત્યારા સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

આણંદ રેલવે સ્ટેશન પર દિવાળી પગલે મુસાફરોનો ઘસારો વધ્યો

દૈનિક ૭૦૦ની સામે ટિકિટ વેચાણ ૧૫૦૦ને પાર, મુંબઈ તરફની ટ્રેનોમાં વધુ વેઇટિંગ

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

દિવાળીના તહેવારોને લઈને વતન, ધાર્મિક સ્થળો અને સહેલગાહના સ્થળોએ જવા માટે પ્રવાસીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ટ્રેન મારફતે મુસાફરી કરતા લોકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતાં આણંદ રેલવે સ્ટેશન પર મુસાફરોનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. ટિકિટ કાઉન્ટરો પર લાંબી કતારો લાગી રહી છે, જ્યારે રિઝર્વેશનમાં પણ લાંબું વેઈટિંગ લિસ્ટ જોવા મળતાં મુસાફરો મુંઝવણમાં મુકાયા છે.

સામાન્ય દિવસોમાં આણંદ રેલવે સ્ટેશન પરથી દૈનિક આશરે ૭૦૦ ટિકિટોનું વેચાણ થતું હોય છે, જેની સામે દિવાળીના તહેવારો દરમિયાન હાલમાં દરરોજ ૧૫૦૦થી વધુ ટિકિટોનું વેચાણ થઈ રહ્યું છે. એટલે કે ટિકિટ વેચાણમાં બમણાથી વધુનો વધારો નોંધાયો છે. તેમાં પણ મુંબઈ તરફ જતી ટ્રેનોમાં મુસાફરોની સંખ્યા સૌથી વધુ હોવાથી આ રૂટની ટ્રેનોમાં રિઝર્વેશન માટે લાંબું વેઈટિંગ લિસ્ટ જોવા મળી રહ્યું છે.

વેઈટિંગ લિસ્ટ લાંબું હોવાથી મુસાફરોને છેલ્લી ઘડી સુધી કન્ફર્મ ટિકિટ મળશે કે કેમ તે અંગે અનિશ્ચિતતા સતાવી રહી છે. કન્ફર્મ રિઝર્વેશન મેળવવા માટે મુસાફરો રેલવે ટિકિટ એજન્ટો તેમજ ટ્રાવેલ્સ ઓફિસોના પણ ધક્કા ખાઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદ-મુંબઈ રેલવે લાઇન સૌથી વ્યસ્ત રૂટ પૈકીની એક છે. આ રૂટ પર દૈનિક મોટી સંખ્યામાં ટ્રેનો દોડતી હોવા છતાં તહેવારોના દિવસોમાં મુસાફરોનો ધસારો વધતાં રિઝર્વેશન મેળવવું મુશ્કેલ બની રહ્યું છે. આણંદ રેલવે સ્ટેશન પરથી દરરોજ અપ-ડાઉન મળીને ૧૦૦થી વધુ પેસેન્જર ટ્રેનોની અવરજવર રહે છે. સામાન્ય દિવસોમાં દૈનિક આશરે ૫ હજાર મુસાફરોની અવરજવર ધરાવતા આણંદ સ્ટેશન પર દિવાળીના તહેવારોમાં મુસાફરોની સંખ્યા બમણી થતી હોવાનું જોવા મળી રહ્યું છે. રેલવે સૂત્રોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં ટિકિટ વેચાણ અને મુસાફરોની સંખ્યામાં હજુ વધારો થવાની શક્યતા છે.

ચરોતરના સાત મદદનીશ કેળવણીનિરીક્ષકોની બદલી

આણંદના ૬ અને ખેડાના ૧ અધિકારીની બદલી

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

ગાંધીનગર સ્થિત પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા રાજ્યભરમાં મદદનીશ કેળવણી નિરીક્ષક (વર્ગ-૩) સંવર્ગના કર્મચારીઓની આંતરિક અને સ્વૈચ્છિક બદલીઓના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ હુકમ અન્વયે આણંદ જિલ્લાના ૬ અને ખેડા જિલ્લાના ૧ મદદનીશ કેળવણી નિરીક્ષકની નવી બીટ અને તાલુકાઓમાં બદલી કરવામાં આવી છે.

આણંદ જિલ્લામાં ભોઈ જયંતીભાઈ જીવાભાઈને ઉમરેઠ તાલુકાના ભાલેજથી બદલી થઈ બોરસદ તાલુકાના પામોલ બીટ, યાદવ ઘનશ્યામકુમાર રમણભાઈને ખંભાત તાલુકાના બામણવાથી બદલી થઈ બોરસદ તાલુકાના ઝાલોરા બીટ, શાસ્ત્રી પંકજકુમાર શ્રીધરને પેટલાદ તાલુકાના પેટલાદ-અ થી બદલી થઈ બોરસદ તાલુકાના ભાદરણ બીટ, ગોહેલ દિનેશભાઈને બોરસદ તાલુકાના કઠાણાથી બદલી થઈ બોરસદ તાલુકાના બોરસદ બીટ, પ્રજાપતિ મહેશકુમારને આંકલાવથી બદલી થઈ આંકલાવ તાલુકાના આસોદર બીટ, નિનામા ધનાભાઈ મનજીભાઈને તારાપુર તાલુકાના તારાપુરથી બદલી થઈ ઉમરેઠ તાલુકાના ઉમરેઠ બીટ ખાતે બદલી કરવામાં આવી છે. તેવી જ રીતે ખેડા જિલ્લામાં પટેલ નિલેશકુમાર અમૃતભાઈને ગલતેશ્વર તાલુકાના સેવાલિયાથી બદલી થઈ કપડવંજ તાલુકાના વઘાસ બીટ ખાતે મુકવામાં આવ્યાં છે.

સીવીએમ યુનિવર્સિટીના 'યુગાંતર ૫.૦'નુ દબદબાભેર સમાપન

વલ્લભ વિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટી ખાતે આયોજિત વાર્ષિક સાંસ્કૃતિક મહાકુંભ 'યુગાંતર ૫.૦'નું દબદબાભેર સમાપન થયું હતું. આ મહોત્સવમાં વિવિધ કોલેજોના ૧૦૩૮થી વધુ યુવા કલાકારોએ ૩૨થી વધુ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રસાકસીભર્યા મુકાબલા બાદ જીસેટ કોલેજે ઓવરઓલ ચેમ્પિયનશિપ ટ્રોફી અને MBIT કોલેજે રનર્સ-અપનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. આ સમારોહમાં સીવીએમના સહમંત્રી મેહુલ પટેલ સહિતના મહાનુભાવોના હસ્તે વિજેતા કલાકારોને ટ્રોફી તથા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

કપડવંજ તાલુકામાં ૨.૯૦ કરોડના ખર્ચે સોરણા-સાલોડ માર્ગનું ખાતમુહૂર્ત કરાયું

કપડવંજ | મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કપડવંજ-કઠલાલના ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના વરદ હસ્તે સોરણા-સાલોડ માર્ગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ રૂ. 290 લાખના ખર્ચે 3.5 કિમી લંબાઈના માર્ગનું રીસર્ફેસિંગ અને સાલોડ નજીક ડીપની જગ્યાએ સ્લેબ ડ્રેઇન નિર્માણની કામગીરી હાથ ધરાશે. આ માર્ગ સુધારણાથી ગ્રામ્ય વિસ્તારનો વાહન વ્યવહાર વધુ સુગમ, સુરક્ષિત અને સરળ બનશે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રતિનિધિ ધૂળસિંહ સોલંકી, ગણપતસિંહ રાઠોડ, પ્રતાપસિંહ પરમાર તથા સરપંચશ્રીઓ સહિત સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ખેડા બેંકની મુલાકાત અને સહકારી અભ્યાસ કાર્યક્રમનું સફળ આયોજન કરાયું

ખેડા | ડિસ્ટ્રિક્ટ કોઓપરેટિવ સેન્ટ્રલ બેંક લિમિટેડ, દુર્ગ, છત્તિસગઢના ચેરમેન પ્રીતપાલ બેલચંદનજી અને પ્રતિનિધિ મંડળ દ્વારા ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, નડિયાદની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન બેંકની નાણાકીય સેવાઓ, ધિરાણ પદ્ધતિઓ અને ગ્રાહક કલ્યાણકારી યોજનાઓ અંગે સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સહકારી પ્રવૃત્તિઓ દ્વારા ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા અને સ્થાનિક સભાસદોને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. સમગ્ર અભ્યાસ પ્રવાસ દરમિયાન સહકારી માળખાને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવા માટે અગત્યના સૂચનો અને ઉપયોગી માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદની અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા સંગીત સંધ્યાનું ભવ્ય આયોજન કરાયું

આણંદ | અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ આણંદ દ્વારા યોજાયેલ સંગીત સંધ્યા કાર્યક્રમનો સંસ્થાના પ્રમુખ જયંતીભાઈ આર. શાહ, મુખ્ય મહેમાન ગિરીશભાઈ શાહ તથા અન્ય મહાનુભાવોના હસ્તે મંગલદીપ પ્રગટાવી પ્રારંભ કરાયો હતો. પ્રમુખ જયંતીભાઈ શાહે સ્વાગત પ્રવચન આપ્યું હતું તથા ડો. હિરલબેન શાહે દીકરીના ઉછેરમાં માતા-પિતાની ભૂમિકા અંગે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. ગાયક કલાકાર અનિલભાઈ ઇનામદાર અને તેમની ટીમે મધુર સંગીત સંધ્યા રજૂ કરી હતી. આ પ્રસંગે મહાનુભાવો અને જન્મદિન ધરાવતા સભ્યોનું સ્મૃતિ ભેટ આપી સન્માન કરાયું હતું તથા જનાર્દનભાઈ શુક્લે આભાર વિધિ કરી હતી.

ચારુસેટના સીએસપીઆઈટી ખાતે 'કેઓસ-ટુ-કમિટ હેકાથોન ૨૦૨૬'નું સફળ આયોજન કરાયું

આણંદ | ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન સીએસપીઆઈટી દ્વારા ફ્યુચરિઝન ટેકનોલોજીસના સહયોગથી 'કેઓસ-ટુ-કમિટ હેકાથોન ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પર આધારિત વાસ્તવિક પડકારોના ટેકનોલોજી આધારિત ઉકેલો રજૂ કર્યા હતા. કુલ ૪૫ ટીમોમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ટીમો વચ્ચે આખરી સ્પર્ધા યોજાઈ હતી, જેમાં 'ધ ટેક્ટોનિક્સ' ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિજેતા ટીમોને કુલ રૂ. ૧ લાખના ઇનામો એનાયત કરાયા હતા અને ફ્યુચરિઝન ટેકનોલોજીસ ખાતે ઇન્ટર્નશિપ ઇન્ટરવ્યુ મેળવવાની તક આપવામાં આવી હતી.

આણંદની અંબાલાલ બાલશાળાના બાળકોએ રંગોળી સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવ્યું

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત અંબાલાલ બાલશાળાના બાળકોએ નવરાત્રી મહોત્સવ નિમિત્તે યોજાયેલી રંગોળી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. 'આદિદેવી મહારુદ્રા' થીમ પર આધારિત આ સ્પર્ધામાં બાળકોએ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને તૃતીય સ્થાન હાસિલ કર્યું છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ થકી વિજેતા વિદ્યાર્થીઓએ શાળા અને સંસ્થાનું નામ રોશન કર્યું છે. આ સફળતા બદલ ચરોતર એજ્યુકેશન સોસાયટીના હોદ્દેદારો, શાળા પરિવાર અને શિક્ષકગણે બાળકોને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે.

વાસદની એસવીઆઈટીની વિદ્યાર્થીની રિદ્ધિ ગાંધી 'કોલેજ કે તશનબાઝ' સ્પર્ધામાં વિજેતા બની

આણંદ | સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, વાસદની વિદ્યાર્થીની રિદ્ધિ વ્રજેશ ગાંધીએ રેડ એફએમ દ્વારા આયોજિત 'કોલેજ કે તશનબાઝ - સીઝન 2026' સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે. વડોદરાના ઈવા મોલ ખાતે યોજાયેલી ગ્રાન્ડ ફિનાલેમાં તેણે 'સફાયર' ગીત પર મનમોહક શાસ્ત્રીય નૃત્ય રજૂ કરી પ્રેક્ષકો અને નિર્ણાયકોને મંત્રમુગ્ધ કરી દીધા હતાં. ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ તેને વિજેતાનો ખિતાબ, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ શાનદાર સિદ્ધિ બદલ એસવીઆઈટી સંસ્થાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને આચાર્યશ્રીએ રિદ્ધિને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

સીવીએમ યુનિ. દ્વારા 'ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધન અને પબ્લિકેશન્સ' પર એક્સપર્ટ સેશનનું યોજાયું

આણંદ | સીવીએમ યુનિવર્સિટીના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલ દ્વારા "રિસર્ચ આઇડિયાથી હાઇ-ઇમ્પેક્ટ પબ્લિકેશન" વિષય પર ઓનલાઇન એક્સપર્ટ સેશન યોજાયું હતું. યુનિવર્સિટીના હોદ્દેદારોના નેતૃત્વ હેઠળ યોજાયેલા આ સેશનમાં ૧૫૦થી વધુ સંશોધકો અને ફેકલ્ટી સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મુખ્ય વક્તા વીઆઇટી યુનિવર્સિટી, ચેન્નાઈના ડો. રાજશેખરન વી.એ સંશોધન સમસ્યાની ઓળખથી લઈને જર્નલ પબ્લિકેશન સુધીની સફર અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે નૈતિક સંશોધન પદ્ધતિઓ, અકાદમિક લેખન અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત રિસર્ચ પેપર પ્રકાશિત કરવાની વ્યૂહરચનાઓ પર ભાર મૂક્યો હતો.

આણંદ કૃષિ યુનિ. ખાતે 'ઔષધીય પાકોની વૈજ્ઞાનિક ખેતી' અંગે ત્રણ દિવસીય તાલીમ યોજાઇ

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીના ઔષધીય અને સુગંધિત વનસ્પતિ સંશોધન કેન્દ્ર દ્વારા 'ઔષધીય પાકોની વૈજ્ઞાનિક ખેતી' વિષય પર ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમનું ઉદ્ઘાટન કેન્દ્રના સહસંશોધન વૈજ્ઞાનિક અને વડા ડો. કે. વી. પટેલ, ડો. એમ. પી. રામાણી તથા ડો. અમિત મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ડેડિયાપાડા, વાઘોળિયા અને જાંબુઘોડા તાલુકાના કુલ ૩૨ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યુનિવર્સિટીના કુલપતિના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં ખેડૂતોને વૈજ્ઞાનિક ખેતી અંગેનું જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ શાળાની રંગોળીને સીઇએસ મહોત્સવમાં દ્વિતીય ક્રમ મળ્યો

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ખેતીવાડી, આણંદ)ના વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત કલાત્મક રંગોળીને 'સીએસ નવરાત્રી મહોત્સવ 2026'માં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત થયો છે. વિદ્યાર્થીઓ તેમજ માર્ગદર્શક શિક્ષકો સંગીતાબેન, દિવ્યાબેન પઢિયાર અને ધ્રુવિનભાઈની મહેનત અને એકતાથી શાળાનું ગૌરવ વધ્યું છે. આ સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, ચેરમેન નીરવભાઈ પટેલ અને કેમ્પસ ડિરેક્ટર મહેશભાઈ પટેલે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા છે. સમગ્ર સંસ્થા પરિવારે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી છે.

કરમસદની પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ ખાતે રાષ્ટ્રીય કક્ષાની 'સિનર્જી ૨૦૨૬' કોન્ફરન્સ યોજાઈ

આણંદ | કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી સંલગ્ન પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ દ્વારા વાર્ષિક રાષ્ટ્રીય કોન્ફરન્સ 'સિનર્જી ૨૦૨૬'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય કોન્ફરન્સમાં દેશભરની મેડિકલ કોલેજોના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સંશોધન, આધુનિક તબીબી પદ્ધતિઓ અને પુરાવા આધારિત પ્રેક્ટિસ પર ભાર મૂક્યો હતો. નિષ્ણાત તબીબોના વ્યાખ્યાનો, વિદ્યાર્થીઓના સંશોધન પેપર અને પોસ્ટર પ્રેઝન્ટેશન સાથે સર્જિકલ વેટ લેબ, POCUS અને બાયોઇન્ફોર્મેટિક્સ જેવા ૧૦ વિશેષ પ્રાયોગિક વર્કશોપ યોજાયા હતા.

ગુજરાતમાંથી સરદાર પટેલ યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓની 'નો યોર લીડર' કાર્યક્રમમાં પસંદગી

આણંદ | નવી દિલ્હી સ્થિત સંસદ ભવન ખાતે ૩૧મીએ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પ્રસંગે આયોજિત રાષ્ટ્રવ્યાપી 'નો યોર લીડર' કાર્યક્રમ માટે દેશભરમાંથી ૩૬ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. આ પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી માત્ર સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના બે વિદ્યાર્થીઓની વિશિષ્ટ પસંદગી થઈ છે. યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થિની જાગૃતિ શુક્લ અને રાજ્યશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થી હસમુખ વાજા સંસદ ભવનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે.